# ગ્રેચ્યુટી શું છે ! જાણો ?

☞ મિત્રો ટૂંક સમયમાં આપણા સારસ્વત મિત્રો ફુલ પગારમાં આવનાર છે તેમાંથી એક શિક્ષકે પ્રશ્ન પૂછો કે ગ્રેચ્યુટી શું છે ? તો આજે તેની ટૂંકી માહિતી આપું છું જે કોઈને કામ લાગશે.

**ગ્રેચ્યુટી શું છે? :** ગ્રેચ્યુટી કોઈ કંપની કે સરકારમાં રેગ્યુલર પાંચ વર્ષની નોકરી પૂર્ણ કરનારને મળવા પાત્ર છે અને ગ્રેચ્યુટી કર્મચારીને એક પ્રકારનું ઇનામ છે.

**ગણતરી કઈ રીતે કરવી. :** ગ્રેચ્યુટી આપણી નોકરીના વર્ષ અને છેલ્લા પગારના બેઝિક પર મળવાપાત્ર છે.

**ઉદાહરણ તરીકે :**

1. " b " ની નોકરી ૩૫ વર્ષની છે.
2. " b " ના છેલ્લા પગારનો બેઝીક 65,000 છે. ⇦ આ બન્ને શરત પર ગણતરી થાય છે .

65,000 = 00 { બેઝિક ત્રીસ દિવસનું પરંતુ ગ્રેચ્યુટી માં ( ૪ ) રવિવાર બાદ કરીને 26 દિવસ ધ્યાનમાં રાખીને એક (1) દિવસનો પગાર શોધવો. }

26 દિવસના 65,000 તો
1 દિવસના કેટલા ?

$\frac{65,000 \times 1}{26}$ = 2500 એક દિવસની ગ્રેચ્યુટી થાય

35 ( કુલ નોકરી ) × 15 ( પંદર દિવસ ગ્રેચ્યુટી એક્ટ 1972 પ્રમાણે ગણવાના થાય છે. )

35 ×15 = 525 ( કુલ દિવસની ગ્રેચ્યુટી મળે છે. )

525 × 2500 = 13,12500 ( તેર લાખ બાર હજાર પાંચસો ગ્રેચ્યુટી બને )

**વિશેષ નોંધ :** 20 લાખની ગ્રેચ્યુટીની રકમ પર ટેક્સ લાગતો નથી, આ રીતથી બધા જ કર્મચારી પોતાની ગ્રેચ્યુટીની ગણતરી કરી શકે છે.